
# ચંપાપુરી




ચંપાપુરી : મૂળનાયક ભગવાન શ્રી વાસુપૂજ્ય

- આવાગમન.................. : રેલ્વે સ્ટેશન : ભાગલપુર - ૫ કિ.મી.
  બસ સ્ટેશન : ભાગલપુર - કોયલા ડેપો પાસે
- નજીકનું મુખ્ય શહેર ....... : ભાગલપુર
- નજીકના તીર્થક્ષેત્રો ......... : મંદારગિરિ - ૫૦ કિ.મી., નવાદા - ૧૯૫ કિ.મી., ગુણાવા - ૧૯૩ કિ.મી., પાવાપુરી - ૨૦૦ કિ.મી.

ચંપાપુરી નગરી તે જમ્બુ દ્વીપ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર અને પ્રથમ બાલ તીર્થંકર દેવ શ્રી વાસુપૂજ્ય ભગવાનની પવિત્ર તીર્થભૂમિ છે. તેથી જ આ નગરી અત્યંત પ્રાચીન તીર્થક્ષેત્ર છે. આ તીર્થક્ષેત્રમાં બારમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી વાસુપૂજ્ય ભગવાનના

મહામંગળકારી કલ્યાણકારી ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને મોક્ષકલ્યાણક-તેમ પાંચેય કલ્યાણકો થયા હતા. કદાચ ભરતક્ષેત્રમાં આ એક જ એવું તીર્થ છે કે જ્યાં તીર્થંકર ભગવાનના પાંચેય કલ્યાણકો ઉજવાયા હોય અને તેથી જ આ ચંપાપુરી નગરીનું ઘણું મહત્વ ગણાય છે.

ચંપાપુરી ભારતની પ્રાચીન નગરીઓમાંની એક નગરી છે. અગાઉ આ ચંપાપુરી નગરી અત્યંત સમૃદ્ધ નગરી હતી. આ નગરી સાથે ઈક્ષ્વાંશુ કુળનો સંબંધ ઘણો સારો હતો અને હજારો વર્ષો સુધી અહીં ઈક્ષ્વાંશુ રાજાઓએ રાજ્ય કર્યું હતુ. બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાન પણ ઈક્ષ્વાંશુ કુળના જ હતા. પહેલા ભગવાન શ્રી આદિનાથ ભગવાને ધર્મોપદેશ માટે જ્યારે વિહાર કરેલો, ત્યારે તેઓ અહીં ચંપાપુરી નગરીમાં પધાર્યા હતા. તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન પણ દેશના અર્થે આ નગરીમાં પધાર્યા હતા. તે સિવાય શ્રી સુધર્માસ્વામી તથા શ્રી જમ્બૂસ્વામી પણ અહીં પધાર્યા હતા.



ચંપાપુરી : ૫૦ ફીટ ઉન્નત પ્રાચીન સ્તંભ

ભાગલપુર શહેરથી લગભગ ૩ કિ.મી. ના અંતરે ચંપાપુરી તીર્થક્ષેત્ર આવેલું છે. આ તીર્થક્ષેત્રને નાથનગર પણ કહે છે. નાથનગરના રસ્તાની ડાબી બાજુએ લગભગ ૦।। કિ.મી. દૂર સુંદર સગવડતાવાળી બે માળની એક ધર્મશાળા છે. ધર્મશાળાની બાજુમાં એક પ્રાચીન દિગંબર જિનમંદિર છે. અહીંથી થોડે દૂર ક્ષેત્રનું મુખ્ય કાર્યાલય આવેલું છે. આ મંદિરની પૂર્વમાં તેમજ દક્ષિણમાં-તેમ બે માનસ્થંભજી આવેલા છે, જે લગભગ ૫૦ ફીટ ઉચા છે. એમ કહેવાય છે કે આ બંને માનસ્થંભજી લગભગ ૨૦૦૦ વર્ષ જૂના છે. ઈતિહાસ પણ એમ કહે છે કે અહીં ચાર દિશામાં આવા ચાર માનસ્થંભજી હતા. પરંતુ કાળાનુક્રમે ધરતીકંપ કે બીજા કોઈ પણ કારણસર આ ચારમાંથી બે માનસ્થંભજી પડીને જમીનદોસ્ત થઈ ગયા હતા અને હાલ ફક્ત બે માનસ્થંભજી જ છે. આ મંદિરની ચારે દિશામાં ચાર નાની દેરીઓ આવેલી છે. મુખ્ય મંદિરમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની ૩-૩।। ફીટની પ્રતિમા છે. તેમજ અન્ય ધાતુની પ્રતિમા તથા ભગવાનના એક ચરણપાદૂકા છે. ચાર દિશામાં ચાર દેરીઓ છે. તેમાં એક મંદિરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન સફેદ પાષાણના પદ્માસન છે તથા બીજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. તે સિવાય બીજા પંચધાતુના પ્રતિમાજીઓ પણ છે, જેમાં બે ચોવીસી છે. ચંપાપુરી તીર્થક્ષેત્રમાં ભાદરવા સુદ-૧૪ના રોજ શ્રી વાસુપૂજ્ય ભગવાનનો નિર્વાણકલ્યાણકનો દિવસ હોવાથી નિર્વાણ-પૂજા કરીને નિર્વાણલાડુ ચડાવવામાં આવે છે.

ભાગલપુર બિહારનું મુખ્ય શહેર છે. અહીં પણ એક દિગંબર જૈન મંદિર છે, જેમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન ધાતુના મૂળનાયક બિરાજમાન કરેલા છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૨૯માં થઈ હતી. આ મંદિરમાં બીજી ૧૦-૧૨ પાષાણની અને ૧૫-૨૦ ધાતુની પ્રતિમાજીઓ પણ છે, તેમજ એક ચરણપાદૂકા છે. આ મંદિર દર્શનીય છે.

ભાગલપુરમાં ભારતભરમાં વખણાતી ભાગલપુરી શાલ (ચાદર)ના ઘણા કારખાના છે. હલકી-ભારે, નાની-મોટી ઘણી જાતની ભાગલપુરી શાલ અહીં બને છે. બિહાર સિલ્ક મિલ્સવાળા આપણા મુમુક્ષુ ભાઈ છે. ઉપર રહેણાંક છે અને નીચે તેમની દુકાન છે કે જ્યાં હલકી-ભારે ઘણી જાતની ભાગલપુરી શાલ મળે છે. ચંપાપુરી અને ભાગલપુર વચ્ચે માત્ર ૩ કિ.મી.નું અંતર છે. ભાગલપુર શહેર છે અને ચંપાપુરી તીર્થક્ષેત્ર છે. ચંપાપુરીમાં એક લીંડી પીપરનું વૃક્ષ છે. લીંડી પીપરનો દાખલો પૂજ્ય ગુરુદેવશ્રી અવાર-નવાર આપતા હતા કે લીંડી પીપરમાં ૬૪ પહોરી તીખાશ (ચરપરાઈ) અને લીલો રંગ ભરેલ છે તેમાંથી પ્રાપ્તની પ્રાપ્તિ આવે છે, તેમ આત્મામાં અનંત ગુણો ભર્યા છે.

ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે તેને આત્મા પ્રાપ્ત થાય જ.